ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૦.૪ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૨૯ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં ઠંડીનો પારો ફરી ૧.૬ ડિગ્રી ઘટીને ૧૦.૬ ડિગ્રી સે. થયો

બે દિવસથી વધેલો પારો ફરી ગગડતાં ઠંડીની તીવ્રતા વધી : સતત ઠંડીમાં વધઘટથી નાગરિકો પરેશાન : મહત્તમ તાપમાન ૩૦.૫ ડિગ્રી સે. નોંધાયું

ગાંધીનગર, તા.૫

હજુ પણ શહેરમાં ઠંડીનું પ્રમાણ વધઘટ થવાનું ચાલુ છે અને છેલ્લાં બે દિવસ દરમિયાન તામાનનો પારો જે ત્રણેક ડિગ્રી સેલ્શિયસ જેટલો ઉંચકાયો હતો તે ફરીથી દોઢ ડિગ્રી સે. ગગડી જવા પામ્યો છે. છેલ્લા એક પખવાડિયાથી વાતાવરણમાં સતત ચઢાવ ઉતાર અનુભવાઈ રહ્યા છે જેના કારણે નાગરિકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. જયાં થોડીક રાહત જણાય ત્યાં ફરી ઠંડીનું પ્રમાણ વધી જાયછે. જો કે કૃષિ ક્ષેત્રના જાણકારોના મતે હજુ મહામાસમાં ઠંડીનું પ્રમાણ જળવાઈ રહે તે શિયાળુ પાકો માટે હિતાવહ છે.

ગત રાત્રિએ શહેરનું લઘુત્તમ તામપાન ૧૨ ડિગ્રી સે.થી ગગડીને ૧૦.૪ ડિગ્રી સે. નોંધાયું હતું જયારે આજનું મહત્તમ તાપમાન ૩૦.૫ ડિગ્રી સે રહેવા પામ્યું હતું. છેલ્લા ત્રણ ચાર દિવસની સ્થિતિનો અભ્યાસ કરીએ તો તા. ૨જી ફેબ્રુઆરીએ શહેરનું લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી સે. હતું અને મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી સે. નોંધાયું હતું તે પછી તાપમાનમાં વધારો થતાં બે જ દિવસમાં લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી સે. સુધી પહોંચી ગયું હતું. જેની સાપેક્ષે મહત્તમ તાપમાન ઘટીને ૩૧.૫ ડિગ્રી સે. થયું હતું. આમ લઘુત્તમ અને મહત્તમ વચ્ચેનો ગાળો ઘટી જવા પામ્યો હતો પરંતુ ઠંડીનું પ્રમાણ પણ સાથે ઘટયું હતું આ પછી ફરી એકવાર તાપમાન ૧.૬ ડિગ્રી જેટલું ગગડી જતા લઘુત્તમ તાપમાન ૧૦.૪ ડિગ્રી સે. આવી ગયું છે. જયારે મહત્તમ તાપમાન માત્ર ૧ ડિગ્રી જેટલું જ ઓછું થવા પામ્યું છે. શહેરમાં સતત ઠંડીના પારામાં થઈ રહેલી વધઘટથી નાગરિકોની શારીરિક ક્ષમતા પર અસર પડી રહી છે અને વાતાવરણની વિષમતાને કારણે બચેની, અકળામણ, શરદી-કફ તથા માથાના દુઃખાવા જેવી સમસ્યાઓનો ભોગ બની રહ્યા છે.

નિવેદિતા મહિલા મંડળ દ્વારા મહારાષ્ટ્ર સમાજભવન, સેકટર-૨૧ ખાતે હલ્દી કંકુના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રીયન મહિલાઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મનપાના મેયર રીટાબેન પટેલ તેમજ કોર્પોરેટર હર્ષાબા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા. નિવેદિતા મહિલા મંડળના પ્રમુખ શ્રુતિ પાલકર, ઉપપ્રમુખ પ્રાજકતા ધળશાસ્ત્રી, ઉજજવલા કામળે અને શ્વેતા પગડેરે ઉપસ્થિત મહિલાઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

મેટ્રોની વાટ નીરખી રહેલા શહેરમાં ઊંટલારીનો વૈભવ...!!

'ચક્કે પે ચક્કા, ચક્કે મેં ગાડી, ગાડી મેં નિકલી, અપની સવારી' જુની હિન્દી ફિલ્મોનું મશહુર ગીત આ તસવીર જોઈને યાદ આવી જાય. એક શ્રમજીવી પરિવાર ઊંટલારીમાં બેસીને પાટનગરની સડકો પરથી પસાર થઈ રહ્યો છે અને પરિવારના બાળકો પોતાની મસ્તીમાં ફળ આરોગતા સવારીનો આનંદ પણ માણી રહ્યા છે. ગાંધીનગર એક એવું શહેર છે જયાં હવે તો રાજયની સૌથી ઊંચી ઈમારતો પણ છે અને મોંઘીદાટ લકઝુરિયસ મોટરકારો પણ દોડતી જોવા મળે છે તે સાથે જ ગ્રામ્ય સંસ્કૃતિનું પરિવહનનું સાધન કહેવાય તેવી ઊંટલારી પણ ફરતી નિહાળવા મળે છે. અહીં સરકારી ગાડીઓનો રૂઆબદાર કાફલો પણ દોડતો હોય છે અને સાયકલ પર શ્રમજીવી કામે પણ જતો જોવા મળે છે. અહીં સિમેન્ટ બ્લોક્સના પાર્કિંગ અને ફુટપાથ છે તે સાથે રોડની બંને તરફ ઊડતી ધૂળની ડમરીઓનું સૌભાગ્ય પણ છે, આ હરિયાળું શહેર છે અને રળિયામણું શહેર પણ છે. ભલે અહીં મેટ્રો રેલનું આગમન થશે પણ ઊંટલારીમાં ફરતો સંતોષનો વૈભવ જળવાય તે એટલું જ જરૂરી છે.

આવતીકાલે ચિલોડા ખાતે નિઃશુલ્ક સર્જીકલ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના ચિલોડા ખાતેની ગુરૂકૃપા હોસ્પિટલ દ્વારા પૂ. પ્રેમ અવધૂત મહારાજની ૯મી પુણ્યતિથિ નિમિત્તે તા. ૭મી ફેબ્રુઆરી રવિવારના રોજ સેતુ સ્કેવર કોમ્પ્લેક્ષ ખાતે સવારે ૧૦ થી બપોરે ૨ કલાક દરમિયાન નિઃશુલ્ક સર્જીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં સારણગાંઠ, વધરાવળ, પેટ તથા આંતરડાના રોગો, પેશાબની તકલીફો, પ્રોસ્ટેટ, એપેન્ડિકસ, પિત્તાશયની પથરી, કિડની તથા પેશાબની નળીની પથરી, હરસ, મસા, ભગંદર, ગળાની ગાંઠ, થાઈરોઈડ, ચરબીની ગાંઠ, રસોળી, સુન્નત, બાળકોની સારણગાંઠ, જન્મજાત ખોડખાંપણનું નિદાન, હોજરી, નાના અને મોટા આંતરડાના રોગો વગેરે બિમારીઓ-તકલીફો અંગે વિના મૂલ્યે નિદાન તથા સારવાર માટે માર્ગદર્શન પુરું પાડવામાં આવશે. આ સાથે નાના-મોટા આંતરડાના રોગો, મહિલાઓના ગર્ભાશય અને અંડાશયની તકલીફો વગેરેની દૂરબીનથી તપાસ સાથે માર્ગદર્શન આપવામાં આવશે. કેમ્પમાં જનરલ અને લેપ્રોસ્કોપિક સર્જન ડૉ. એન.બી. ઠકકર તથા ગુરૂકૃપા હોસ્પિટલની ટીમ સેવાઓ આપશે જેનો લાભ લેવા હોસ્પિટલ સંચાલકો દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આગમન હોટલ પાસે અચાનક કાર માર્ગ વચ્ચે પલ્ટી મારી ગઈ

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર આગમન હોટલ પાસે પસાર થઈ રહેલી કાર અચાનક માર્ગ પર કાર નં. જી.જે.૧૮.એ.એચ-૭૭૫૯ પલ્ટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં કોઈને જાનહાની થવા પામી ન હતી. મળતી માહિતી પ્રમાણે કાર યુજીવીસીએલના અધિકારી મુકવા માટે જઈ રહી હતી. તે સમયે કારનું આગળનું વ્હીલ જામ થઈ જતા કાર પલ્ટી મારી ગઈ હોવાનું ધ્યાને આવ્યું છે.

આંકડાશાસ્ત્રની પાછળ વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર પોલીસ મથકના પીઆઈ.એમ.બી.ભરવાડના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન ડી સ્ટાફના હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ રાણાને ખાનગી રાહે બાતમી મળી હતી કે આંકડાશાસ્ત્રની પાછળ આવેલી ઝાડીઓમાં રોહિત રમણભાઈ પ્રજાપતિ (રહે. ઈસનપુર મોટા તા.જી.ગાંધીનગર) પોતાના મોબાઈલ ફોનમાં વરલી મટકાનો જુગાર રમાડે છે અને હાલ પ્રવૃતિ ચાલુ છે. જેને પગલે પોલીસે તાત્કાલીક સ્થળ પર જઈ એક શખ્સ પોતાના ફોનમાં લખતો જણાયો હતો. જેથી પોલીસે તે શખ્સને પકડી પુછતાછ કરતા રોહિત પ્રજાપતિ જણાવ્યું હતું. જયારે પોલીસે શખ્સ પાસેથી રોકડ રૂ.૬૦૦ અને મોબાઈલ કિં.૭૦૦૦ મળી કુલ રૂ.૭,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જન્મદિને વધામણી

જયશ્રીબેન નાનાલાલ પટેલ
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

રિયા કિંજલભાઈ પટેલ
મો. ૯૯૯૮૭૪૭૫૪૪

રિયાન કિંજલભાઈ પટેલ
મો. ૯૯૯૮૭૪૭૫૪૪

કિયાન જીગરકુમાર શ્રીમાળી
મો. ૮૪૯૦૮૪૭૭૯૯

આજે રાઈટ ટુ એજયુકેશન સંદર્ભે સે-૭ બગીચામાં મિટીંગ યોજાશે

ગાંધીનગર, તા.૫

ભારત સરકાર દ્વારા મફત અને ફરજીયાત શિક્ષણ અધિકાર અધિનિયમ ૨૦૦૯ ઘડવામાં આવ્યો છે અને ગુજરાત રાજમયં પણ ૬ થી ૧૯ વર્ષની ઉપરના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો મૂળભૂત અધિકાર બક્ષતી જોગવાઈઓ દાખલ કરવામાં આવી છે. આ વિષયને અનુલક્ષીને લોક જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશયથી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર હેઠળ સ્વૈચ્છિક સેવાઓ આપતા પેરા લીગલ વોલેન્ટીયર્સ મનસુખલાલ કોટેચા, જયરામભાઈ સોની, દિનેશ દવે અને અનિલ કક્કડના સંયુકત પ્રયાસો દ્વારા તા. ૬ ફેબ્રુઆરીના રોજ સે-૭ સ્થિત સરકારી શાળા સામેના જાહેર બગીચામાં સાંજે ૪.૪૫ વાગ્યે એક શૈક્ષણિક સેમિનાર કમ જાહેર મિટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરીજનોને ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે તથા ઉપસ્થિત રહેનાર તમામને કોવિડ-૧૯ ગાઈડલાઈન પાલન કરવાનું સુચન કરવામાં આવ્યું છે.

ક-૭ પાસેથી ચોરીની રીક્ષા સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના ક-૭ સર્કલ પાસેથી ચોરીની રીક્ષા સાથે એક શખ્સને સેકટર-૨૧ પોલીસ મથકના ડી સ્ટાફે ઝડપી પાડયો છે. પોલીસે શખ્સની ઉંડાણપુર્વક પુછપરછ કરતા અમદાવાદ-ગાંધીનગર પોલીસ સ્ટેશનના રૂ.૨.૭૫ લાખના ચાર ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે. પોલીસે રૂ.૮૦ હજારની રીક્ષા કબ્જે કરી યુવક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકના પીઆઈ એમ.બી.ભરવાડના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ટાટા ચોકડી પાસે આવતા હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ અને

કોન્સ્ટેબલ પ્રદિપસિંહને સંયુકત રીતે ખાનગી બાતમી મળી હતી કે રૂપાલ ગામે રહેતો પ્રકાશભાઈ અરજણભાઈ વણઝારા એક સીએનજી રીક્ષા લઈને રૂપાલ થી ગાંધીનગર તરફ આવી રહ્યો છે. અને તે રીક્ષા ચોરીની હોવાનું લાગી રહ્યું છે. જેને પગલે તાત્કાલીક ક-૭ સર્કલ પાસે બાતમી મુજબની સીએનજી રીક્ષા નં. જી.જે.૦૧.ટી.ડી.-૪૪૬૦ ની રીક્ષા સાથે રૂપાલ ગામે ટેબાવાળા વાસ ખાતે રહેતો પ્રકાશભાઈ ઉર્ફે પકો અરજણભાઈ વણઝારા ને પકડી પાડી રીક્ષાના પુરાવા માંગતા તે સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. પોલીસે ઉંડાણપૂર્વક પુછતાછ કરતા સીએનજી રીક્ષા પ્રકાશેછ દિવસ અગાઉ જમાલપુર વિસ્તારમાંથી ચોરી કરી હતી. જયારે આજથી આશરે સાતેક માસ અગાઉ સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે થી એક સીએનજી રીક્ષાની ચોરી કરી હતી.જયારે આજથી ચાર માસ અગાઉ સેકટર-૨૧ આર વર્લ્ડ સિનેમા પાછળથી એક સીએનજી રીક્ષાની ચોરી કરી હતી. તે ઉપરાંત ૨૦ દિવસ પહેલા જ સે-૨૫ જીઆઈડીસી વિસ્તારમાંથી એક સીએનજી રીક્ષાની ચોરી કરી હતી. આ તમામ રીક્ષા ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ગુના નોંધાયેલા છે. જયારે શખ્સ પાસેથી મળી આવેલી રીક્ષા નં.જી.જે.૦૧.ટી.ડી.-૪૪૬૦ ખાડીયા પોલીસ મથકે ચોરીનો ગુનો નોંધાયેલ છે. પોલીસે રીક્ષાની કિં.૮૦ હજાર ગણી શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પૂંઠામાંથી ઘર બનાવવાની પ્રવૃત્તિનું આયોજન

ગાંધીનગર, તા.૫

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી શાળામાં ઓનલાઈન શિક્ષણની સાથે વિદ્યાર્થીની બહેનો અભ્યાસિક પ્રવૃત્તિમાં રસ લે તે હેતુસર ધો-૩ની વિદ્યાર્થીનીઓ માટે પૂંઠામાંથી ઘર બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ જેટલી વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. આ પ્રવૃત્તિનું આયોજન ભગવતીબેન પટેલના માર્ગદર્શન હેઠળ ચેતનભાઈ પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા ઓનલાઈન 'કલે મોડલિંગ વર્કશોપ' યોજાયો

ગાંધીનગર, તા.૫

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર માં તા. ૪/૦૨/૨૦૨૧ ના રોજ સમધારા અંતર્ગત 'કલે મોડલિંગ વર્કશોપ' યોજાયો હતો. આ વર્કશોપમાં ક્રિપા આર્ટ એન્ડ ક્રાફ્ટ ના ટ્રેનર શ્રીમતી ભાવનાબેન દેસાઈએ વિદ્યાર્થીઓને ઓઈલ પેંઈટિંગ, એક્રેલિક પેંઈટિંગ, કલે મોડલિંગ, રિલિફ વર્ક, મોરલ વર્ક અને રંગોળી જેવી કલાઓની ટ્રેનીંગ આપી હતી. તેમણે કોલેજના વિદ્યાર્થીઓને માટીમાંથી ગણેશ ભગવાનની મુર્તિ કેવી રીતે બનાવવી તેની તબક્કાવાર સુંદર સમજણ



આપી હતી. આ વર્કશોપ દરમિયાન તેઓના માર્ગદર્શન હેઠળ અનુશા મૈત્રય, જીલ દેસાઈ અને ખુશી પ્રજાપતિ જેવી વિદ્યાર્થીની બહેનોએ ભગવાન ગણેશની ખૂબ જ સુંદર મુર્તિ બનાવી હતી. આચાર્ય ડો. એમ. જી. ભટ્ટના નેતૃત્વ હેઠળ આ વર્કશોપમાં વિદ્યાર્થીની બહેનોને અને ભાવનાબેન દેસાઈને સમધારાના અધ્યક્ષ ડો. કે.બી.પટેલ અને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા વિદ્યાર્થીઓ માટે મોટીવેશનલ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૫

શાળાઓમાં શિક્ષણ કાર્યનો શુભારંભ થયો છે. લગભગ ૧૧ માસ જેટલા સમયથી શિક્ષણથી વંચિત અથવા ઓનલાઈન ભણી રહેલા સરકારી શાળાના બાળકોમાં કંઈક અંશે ભણતર પ્રત્યે ઉદાસીનતા વર્તાઈ રહી છે.

વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો સંચાર થાય એ હેતુ થી માસ્ટર મહર્ષિ રાવલ દ્વારા બી બેટર વિષય અંતર્ગત બાળકો ને સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ જગાડનાર પ્રેરક વાતો ઉપરાંત ' Yes i can ' સૂત્રની સમજ રમત રમાડી ને આપવામાં આવી. જેમાં બાળકો એ આનંદભેર ભાગ લીધો હતો.

સંસ્થાના કલબના સભ્ય હેમાબેન પટેલ દ્વારા શિક્ષણ માટે બાળકો ને જરૂરી એવી સામગ્રી ફૂલ સ્કેપ બુક્સ પણ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિવેકાનંદ વિદ્યા વિહાર શાળાના પ્રિન્સિપાલ ભાવિનભાઈ તેમજ સહુ સ્ટાફ મિત્રો અને લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આજે સુંદરધામ પરિવાર દ્વારા સુંદરકાંડ પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૫

સુંદરધામ પરિવાર દ્વારા ભારતીબાપુની વ્યાસ પીઠે તા. ૬ ફેબ્રુઆરીને શનિવારે રાત્રે ૮.૩૦ વાગ્યે વૃંદાવન સોસાયટી કુડાસણ ખાતે યોજાશે. સંસ્થા દ્વારા સર્વે ભકતજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીનું ગૌરવ

ગાંધીનગર, તા.૫

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં વર્ષ ૨૦૧૯ થી શરૂ થયેલ એન.સી.સી. પ્રોગ્રામનો કેડેટ અન્ડર ઓફિસર સિદ્ધાર્થસિંહ સિસોદિયા ૨૬ જાન્યુઆરી ૨૦૨૧ દિલ્હીની આર.ડી.સી. પરેડમાં ભાગ લઈ કેમ્પસ નું ગૌરવ વધાર્યું છે.

ગુજરાત ઈન્ડેપ કોઈ યુનિટ સેકટર-૧૫ ગાંધીનગરમાંથી આ વર્ષે માત્ર ૨ કેડેટ્સ આર.ડી.સી. કેમ્પ માટે પસંદ પામ્યા હતા. દર વર્ષે સમગ્ર ગુજરાતમાંથી ૧૫૦ જેટલા કેડેટ્સ આર.ડી.સી. ની પરેડમાં જાય છે પરંતુ આ વર્ષે કોવીડ-૧૯ ના કારણે માત્ર ૨૪ કેડેટ્સને પસંદ કરવાના હતા.



આવી અત્યંત મુશ્કેલ અને સ્પર્ધાત્મક પસંદગી પ્રક્રિયામાં બાપુ ગુજરાત નોલેજ વિલેજનો બીજા વર્ષનો વિદ્યાર્થી આર.ડી.સી. માટે પસંદ થાય તે અત્યંત ગૌરવભરી વાત છે.

સિદ્ધાર્થસિંહ સિસોદિયાએ કોલેજના એન.સી.સી. ઈન્ચાર્જ લેફ્ટનન્ટ ડૉ. રસિક તન્ના પાસેથી માર્ગદર્શન અને તાલીમ મેળવેલ હતી અને દિલ્હી રાજપથ પર પરેડ કરી હતી.

કેડેટ્સની આ સિદ્ધિ બદલ સંસ્થાના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, ડાયરેકટર પ્રો. રવિ કુમાર, પ્રિન્સીપાલ ડૉ. કિંજલ અધ્વર્યુ અને સમગ્ર સ્ટાફ મિત્રોએ કેડેટ્સને અભિનંદન પાઠવ્યા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ભીલ બકુલાબેન પોપટભાઈ**
  ઉ.વ. ૫૨, જુના પાલજ
- **સ્વ. ઠાકોર વિનોદભાઈ હમીરજી**
  ઉ.વ. ૪૦, ધણપ
- **સ્વ. કુચારા પ્રવિણકુમાર વાલજીભાઈ**
  ઉ.વ. ૭૯, સેકટર-૧૪
- **સ્વ. પટેલ કાન્તાબેન નટુભાઈ**
  ઉ.વ. ૬૫, ધોળાકુવા, માણસા
- **સ્વ. વહીયા પચશ્રી ગોરાંગભાઈ**
  ઉ.વ. ૬૨, સેકટર-૧૬

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- **સ્વ. નાઈ જેશલ રાજેશકુમાર**
  ઉ.વ. ૨૫, રાંદેસણ